ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૨-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### મહાશિવરાત્રીનો શુભ સંકલ્પ : ॥ સત્યં-શિવં-સુન્દરમ ॥

આપણા મનીષીઓએ જે ત્રણ રાત્રીપર્વોનો મહિમા કર્યો છે એમાં એક 'કાલરાત્રી' પણ છે અને એક 'શિવરાત્રી' પણ છે. કૃષ્ણજન્મની રાત્રીને મહારાત્રી કહીશું કારણ કે કૃષ્ણ એ વિષ્ણુનો અવતાર છે અને ધર્મસંસ્થાપના માટે તથા સજ્જનોના રક્ષણ માટે યુગેયુગે અવતાર ધારણ કરે છે. કાળી ચૌદરશને કાલ રાત્રી કહી શકીએ. પરંતુ 'શિવ રાત્રી'એ બેઉ કરતાં જુદી છે. શિવ દેવાધિદેવ-મહાદેવ છે. એ અજન્મા છે, હા, એમનાં દ્વાદશ લિંગ સ્વરૂપો સ્વયંભૂ પ્રગટતાં રહ્યાં છે ખરાં. 'શિવ' અને 'શં' બેઉનો અર્થ થાય છે કલ્યાણ. ત્રિદેવ પૈકી સૌથી ભોળા ભંડારી શિવને સંહારની જવાબદારી સોંપાઈ હોઈ આપણે એમને મૃત્યુના દેવ કહીએ છીએ, પરંતુ હકીકતમાં એ કલ્યાણકારી જીવન દેવતા છે. 'સત્ય' હોય પણ એ કલ્યાણકારી ના હોય તો? અને સુંદરમાં સુંદર વસ્તુ પણ કલ્યાણકારી ના હોય તો? 'સત્ય' અને 'સુંદર' પણ 'શિવ' કલ્યાણકારી હોય તો જ કામનાં છે. આ આપણી ભારતીય જીવનશૈલીનો મૂળ મંત્ર છે. શિવરાત્રી સાથે સંકળાયેલો વ્યાધ અને હરણાંનો પ્રસંગ સર્વવિદિત છે. હરણી વચન આપીને એનાં બચ્ચાને મળવા ગઈ છે એટલે એ પાછી આવે ત્યાં સુધી બીલીના ઝાડ પર ચડેલો વ્યાધ વખત પસાર કરવા બિલીપત્રો તોડી તોડીને નીચે નાખે છે. એને ક્યાં ખબર હતી કે ઝાડની નીચે શિવલિંગ હતું? અજાણતાં થઈ ગયેલી ઉપાસના પણ શિવજીને પ્રસન્ન કરવા માટે પૂરતી છે. એ ભોળા ભંડારીએ વિશ્વકલ્યાણ અર્થે સમુદ્ર મંથન ટાણે નીકળેલું હલાહલ વિષ પી લઈ કેવો દાખલો બેસાડ્યો છે! જે જગતનાં ઝેર પચાવી જાણે એને સૌ નમે. ભગવાન રામચંદ્રજી અને લંકાપતિ દશાનન રાવણ- બેઉ શિવભક્ત છે! લંકાવિજય માટે પ્રસ્થાપન કરતાં પહેલાં રામ શિવની જ પૂજા કરે છે. એથી સ્તો શિવ 'રામેશ્વર' નામે ઓળખાયા. એવા તો ભોળા અને 'આશુતોષ'- ઝટ રાજી થઈ જનારા કે કુપાત્રનેય વરદાન આપી દેતાં વાર ના કરે. શિવમૂળે અનાર્યોના દેવ છે, એથી રાક્ષસો હંમેશાં એમને જ પ્રસન્ન કરી એમના વરદાનનો દુરુપયોગ કરતા રહ્યા. આવા ભલાભોળા શિવને રહેવા માટે નથી જોઈતો મહેલ કે ફરવા માટે નથી જોઈતા રથ. એ સ્મશાનમાં અને કૈલાસમાં સમાન વૃત્તિથી સમાધિસ્થ થઈને રહી શકે છે અને નંદી પર સવારી કરીને ફરી શકે છે. એમના જેવો અકિંચન ઈશ્વર બીજે શોધ્યો નહીં જડે. એ કોમન મેનના ભગવાન છે. એમના મંદિરના દરવાજા આઠે પહોરને ચોવીસે કલાક ખુલ્લા રહે છે. શિવ પરિવારએ પરસ્પર વૈમનસ્ય ધરાવતાં તત્ત્વોનો શંભુમેળો છે. શિવ હોય ત્યાં વેરભાવ કે હિંસા ન હોય. શિવનું વાહન નંદી છે અને શિવ (પાર્વતી-અંબિકા)નું સિંહ. પુત્ર કાર્તિકેયનું વાહન મયૂર છે જે સાપને જીવતો ન મૂકે, પરંતુ સર્પ તો શિવનાં આભૂષણ છે. પૃથ્વની તરસ છિપાવવા અને સગરપુત્રોની સદ્‌ગતિ માટે ભગીરથ તપશ્ચર્યા કરીને સુરસરિતા- પતિત પાવન ગંગાને અવતારી ત્યારે એના ધસમસતા પ્રવાહને ઝીલવા માટે બીજું કોણ સમર્થ હતું? શિવ હરહંમેશ જીવમાત્રના કલ્યાણ માટે જોખમો ખેડતા રહ્યા છે. સૌને મહાશિવરાત્રી મુબારક! હર હર મહાદેવ હર!





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. લલિતકલા એકેડમી સ્કુલ ઓફ કલાસીકલ આર્ટ એન્ડ હોબી કલાસીસ દ્વારા 'સાધના-૨૦૧૪' અંતર્ગત ગઈકાલે એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ગાયન, શાસ્ત્રીય નૃત્ય, વેસ્ટર્ન ડાન્સ, કરાટે ડેમો વિગેરે જેવા કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાતાશ્રી નારણદાસ જી. પટેલ, ડૉ. પંકજભાઈ પટેલ, પરીક્ષા મંત્રી શ્રી બૃહદ ગુજરાત સંગીત સમિતિ, પરેશભાઈ પટેલ વહીવટી અધિકારી બૃહદ ગુજરાત સંગીત સમિતિ, પરેશભાઈ પટેલ વહીવટી અધિકારી બૃહદ ગુજરાત સંગીત સમિતિ, ડૉ. સોમાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આર.એન. લલિતકલા એકેડમીનાં સંચાલક શ્રીમતી દીનાબેન ડોડીયાએ સંસ્થાનો વાર્ષિક અહેવાલ આપ્યો હતો. સાથો સાથે આર્ટ કલામાં વિશેષ સિધ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનું મહેમાનોનાં હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## હરિની દૃષ્ટિ...



*હે મહાદેવ, હું પાકો પર્યાવરણવાદી છું તમારા માટે હું બિલીપત્ર તોડી તોડી વનરાજી ઉજ્જડ નહીં કરું, જલ અભિષેક જ કરીશ....*

## વસંત કુંવરબા પ્રાથમિક શાળામાં રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

બા.શ્રી વસંત કુંવરબા પ્રાથમિક શાળામાં રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. તમામ વિદ્યાર્થીઓએ બુકબેલેન્સ સંગીતખુરશી, ૧૦૦ મીટર દોડ, ત્રિ-પગી દોડ, કોથળા દોડ, લાંબીકૂદ, બિલ્કીટ તોડ, ગોળાફેંક, પોર્ટબેલેન્સ, લીંબુ ચમચી, દડા ફેંક જેવી રમતોમાં કૌશલ્ય બતાવ્યું હતું.

કોથળા દોડ ભોલસે ગૌરવ આર, પોર્ટબેલેન્સ પ્રિયલ પી. પટેલ, લાંબીકૂદ ભોસલે ગૌરવ આર., ત્રિ-પગી દોડ શાહ કેવલ, ડામોર રવિ, દડા ફેંક ઠાકોર યુવરાજ એ. , સંગીત ખુરશી ચૌહાન જશપાલ, થ્રોઈન બોલ મકવાણા પ્રિયાંશી, બિસ્કી તોડ બારડ યુવરાજસિંહ, બુક બેલેન્સ રાઠોડ અમોલીયા, પ્રથમ આવ્યા હતા .આચાર્યા રીટાબેન બિહોલાએ અભિનંદન પાઠવ્યા હતા. વાલીઓ માટે પણ રમતોનું આયોજન કરવામાં ાવ્યું હતું. સંગીત ખુરશીમાં ચેતનાબેન રબારી, પોર્ટબેલેન્સમાં ગીતબેન જાડેજા, લીંબુ ચમચીમાં સોનલબેન ઝાલા વિજેતા બન્યા હતા.

## જે.સી.આઈ.નો એવોર્ડ સમારોહ

ગાંધીનગર, તા. ૨૬

ઝુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ દ્વારા સ્પેશ્યલ એટ્રેકેશન એવોર્ડ તા. ૨૮ ફેબ્રુઆરી, સાંજે ૬.૦૦ કલાકે ગેઝીયા હોલ સેક્ટર-૨૫ જી.આઈ.ડી.સી. ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે જેસી. અશ્વિન ચંદારાણા, વી.એસ. ગઢવી, ગાંધીનગર સમાચારના તંત્રીશ્રી કૃષ્ણકાન્ત જ્હા, જુગલ કિશોર ચાંચરિયા, ડૉ. ભાવિન પંડ્યા, ભુવન રાવલ ઉપસ્થિત રહેશે.

## દર્શકના જીવન પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૬

ચૌધરી મહિલા કોલેજ સેકટર-૭ની આર્ટસના ગુજરાતી વિભાગ દ્વારા ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકાર મનુભાઈ પંચોલીની જન્મ શતાબ્દીના ઉજવણી રૂપે તેમના જીવન કવન વિષય પર મનોજ શુકલ દ્વારા વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. વ્યાખ્યાનમાં ગુજરાતી વિભાગની ૭૦૦૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. દર્શકના જીવન કવન પર કેળવણીકાર, કૃષિકાર, નવલકથાકાર, રાજય વહીવટકાર અને ઉચ્ચકોટિના આદમી તરીકેનું જીવન કેવી રીતે પસાર કર્યું તેની વિસ્તૃત માહિતી મેળવી હતી.

## કલા ગુર્જરી સૌરાષ્ટ્ર સમાજનો સાંસ્કૃતિ કાર્યક્રમ

પાટનગરની કલા ગુર્જરી અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા સંતવાણી કાર્યક્રમ હાલો મારા હરિજનની હાટડીયેનું આયોજન સંસ્થાના સભ્યો માટે તા. ૧ માર્ચ, શનિવાર રાત્રે ૯.૩૦ કલાકે ટાઉનહોલ ખાતે યોજવામાં આવશે.

ભક્તિસંગીતના આ ઉત્સવમાં અમૂલ્ય વારસાને આપણા સુધી ભજન વૈભવ મુંબઈ અને ભાવનગરના જાણીતા ભજનીકો અયોધ્યાદાસ, ડૉ. ભાવના મહેતા, ઉન્નતિ સિચડીયા અને કમીજણા ભાણ સાહેબની ભજન મંડળી પહોંચાડશે. સંતવાણી કાર્યક્રમમાં સંસ્થાના સભ્યોએ હાજર રહેવા કલા ગુર્જરી પ્રમુખએ જણાવ્યું છે.

## વિધાનસભાની મુલાકાત લીધી

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા શાળાના વિદ્યાર્થીઓએ હાલમાં ચાલતા વિધાનસભાગૃહની કાર્યવાહીની મુલાકાત લીધી હતી. શાળાના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનાં ધોરણ પથી ૯ના વિદ્યાર્થીઓ આ પ્રવાસમાં જોડાયા હતા. વિધાનસભાના સત્રની કાર્યવાહી જોઈને આનંદિત થઈ ઉઠયા હતા. વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## વિવેકાનંદ સંસ્કાર તપોવનનો વાર્ષિકોત્સવ

વિવેકાનંદ સંસ્કાર તપોવનનો વાર્ષિકોત્સવ આજ રોજ, ગુરુવાર બપોરે ૧:૦૦ કલાકે, ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે.

શહેરના સેકટર-૧૭ સ્થિત વિવેકાનંદ સસ્કાર તપોવન પરિવાર દ્વારા વાર્ષિકોત્સવ યોજવામાં આવશે. વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રે સિધ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓને આ પ્રસંગે ઈનામ આપી સન્માનવામાં આવશે તેમજ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરશે.

## કડી સ્થિત પ્રમુખસ્વામી કોલેજે A-ગ્રેડ સાથે 'કોલેજ વીથ પોટેન્શીયલ ફોર એક્સલન્સ' સન્માન મેળવ્યું

ગાંધીનગર, તા. ૨૬

નગરને શિક્ષણનું શહેર બનાવવાનું બિરૂદ જેના ફાળે જાય છે તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી. પટેલ આર્ટસ કોલેજ કડીને આજે વધુ મોરપીચ્છનો ઉમેરો કર્યો છે. કોલેજને રાષ્ટ્રીય કક્ષાએ A-ગ્રેડ આપી સન્માનિત કરવામાં આવી છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન નવી દિલ્હીની ઓટોનોમસ સંસ્થા નેક (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલ) દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી. પટેલ આર્ટસલ કોલેજ કડીને A-ગ્રેડથી સન્માનિત કરવામાં આવી છે.

ગઈ તા. ૨૮, ૨૯ અને ૩૦ નવેમ્બરના રોજ કલકત્તા યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. ભારતી રે. ત્રિવેન્દ્રમના ડૉ. બદરૂદ્દીન રોથર અને બેંગ્લોર સેન્ટ્રલ યુનિવર્સિટીના અધ્યાપક એન. રામચંદ્ર સ્વામીની બનેલી કમિટી ત્રણ દિવસની મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન કમિટીએ કોલેજનો અભ્યાસક્રમ, ટીચીંગ લર્નીંગ મેથડ, રીસર્ચ, સહ-અભ્યાસ-પ્રવૃત્તિઓ, મેનેજમેન્ટ, વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી વિવિધ શૈક્ષણિક કાર્ય તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આપેલા યોગદાન જેવા મુદ્દા ઉપર ઉંડાણપૂર્વકની ચકાસણી કરી હતી. કમિટી દ્વારા કોલેજના વિવિધ મુદ્દાઓને આડકતરી રીતે પણ ચકાસવામાં આવ્યા હતા.

સમગ્ર મુદ્દાઓની ચકાસણી બાદ કમિટીએ કોલેજને A-ગ્રેડ આપી સન્માનિત કરી હતી. A-ગ્રેડ મળવાથી યુ.જી.સી. દ્વારા કોલેજને ૨૦૧૭ સુધી 'કોલેજ વીથ પોટેન્શીયલ ફોર એક્સલન્સ'નું આપવામાં આવ્યું હતું અને યુ.જી.સી. દ્વારા ૧૫૦ લાખ રૂપિયાની વિશેષ ગ્રાન્ટ આપવામાં આવી હતી.

કોલેજને A-ગ્રેડ મળવાથી કેળવણી મંડળના અધ્યક્ષ વલ્લભભાઈ પટેલની અધ્યક્ષતામાં અભિવાદન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના ચેરમેન વલ્લભભાઈએ જણાવ્યું હતું કે સંસ્થા વધુ ને વધુ પ્રગતિ કરે અને ભવિષ્યમાં સેન્ટર ફોર એક્સલેન્સનો દરજ્જો પ્રાપ્ત કરે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ સંસ્થાને ગુજરાત સરકાર દ્વારા AAA રેન્ક-૧ એવોર્ડ ૨૦૧૩માં મળ્યો હતો.

આ પ્રસંગે ડૉ. રામભાઈ પટેલ, ડૉ. મણીભાઈ પટેલ, પ્રિન્સીપાલ ડૉ. અજય ગોર અને સંસ્થાના મંત્રીઓનો સ્ટાફ મિત્રોનો અને વિદ્યાર્થીઓના વાલીઓનો ચેરમેને આભાર વ્યક્ત કર્યો હતો.

# સત્યમ્ શિવમ્ સુન્દરમ્‌નો સાક્ષાત્કાર એટલે દ્વાદશ જયોતિર્લિંગ

## મહાશિવરાત્રી

- શાન્તિભાઈ બી. પટેલ

શિવજીના લિંગમય મૂર્તિનું દ્વાદશ જ્યોતિર્લિંગનું પ્રાગટ્ય મહા વદ ચૌદસના દિવસે થયેલું હોવાથી તે રાત્રે મહા પવિત્ર વ્રત કરવાથી મહાદેવ સંતુષ્ટ થાય છે.

હિન્દુશાસ્ત્રોના દર્શન મુજબ મહા માસના કૃષ્ણપક્ષમાં ભગવાન શંકરના પ્રણયનો દિન કહેવાય છે. તેથી આ દિવસ મોટો છે અને રાત્રી તો વધારે મહાન છે. મહા-શિવ અને રાત્રિ. મહા એટલે મહાન (મોટા), શિવ એટલે ભગવાન શિવને રાત્રિ એટલે મહારાત્રી. આ પર્વમાં ગુજરાત અને દેશના શિવ મંદિરોમાં ઉત્સવ ઉજવાય છે. ભગવાન શિવની ઉપાસના થાય છે.

શિવ સ્વરૂપ શંકરની શક્તિ સમગ્ર જગતનું કલ્યાણ કરનારી છે. ભગવાન શંકર દેવોના પણ દેવ છે. તેથી એ મહાદેવ કહેવાય છે.

શિવત્વનું સૌમ્ય સ્વરૂપ શંકર. એનું રૌદ્ર સ્વરૂપ નટરાજ છે. સમગ્ર બ્રહ્માંડમાં આ નટરાજ તાંડવ નૃત્યનું સ્વરૂપ છે. શંકરની મૂર્તિએ સગુણ સાકારનું પ્રતિક છે. જયારે શિવલિંગએ નિર્ગુણ નિરાકારનું પ્રતિક છે.

ભગવાન શંકર સાથે સંકળાયેલા પ્રતિકોમાં કાચબો, સ્થિતપેટી અને સંયમનું પ્રતીક. નંદી શંકર ભગવાનનું વાહન, પુરુષાર્થ અને શાંતિનું ત્રિદલ બિલ્વપત્ર-બીલીપત્ર. જ્ઞાન કર્મ અને ભક્તિનું સમુદ્ર મંથનમાંથી પ્રાપ્ત થયેલ હલાહલ વિષ શંકરે પીધું એટલે તેઓ નીલકંઠ કહેવાયા.

પુરાણોમાં શિવને આશુતોષ કહ્યા છે. એથી એમને ભાંગ, ધતુરો વગેરે ચઢાવવાથી કે જપ કરવાથી પ્રસન્ન થાય છે.

ભગવાન શિવે લિંગ સ્વરૂપે નિવાસ કર્યો અને શિવ ભકતોએ જે જે સ્થળે શિવ ઉપાસના કરી ત્યાં ત્યાં તે પ્રકટ થયા. આમ તો ઘણા બધા સ્થળોએ શિવલિંગોની સ્થાપનાઓ થઈ છે. પરંતુ મુખ્યઃ બાર જ્યોર્તિલિંગો મુખ્ય છે.

૧. સૌરાષટ્રમાં સોમનાથ

૨. આંધ્રના કુર્નુલ જિલ્લાના શૈલ પર્વત પર શ્રી મલ્લિકાર્જુન

૩. ઉજ્જૈનમાં શ્રી મહાકાલેશ્વર

૪. નર્મદા કિનારે ખંડવા પાસેવિંધ્ય પર્વતમાં શ્રી ઓમકારેશ્વર

૫. કેદારેશ્વરમાં શ્રી કેદારનાથ

૬. ભીમાનંદીના કાંઠે ટાકિની નામના સ્થળે શ્રી ભીમાશંકર

૭. વારણસી ખાતે શ્રી વિશ્વેશ્વરે

૮. ગૌતમી - ગોદાવરી તટ`શ્રી ત્ર્યંબકેશ્વર

૯. મરાઠાવાડના પરલી શહેરમાં શ્રી વૈદ્યનાથ

૧૦. દારૂકાવનમાં શ્રી નાગેશ્વર

૧૧. સંતુબંધ પર શ્રી રામેશ્વર

૧૨. મહારાષ્ટ્રમાં ઔરંગાબાદની નજીક દૌલતાબાદથી ૧૧ કિ.મી. દૂર ઘૃષ્ણેશ્વર અથવા ઘૃશ્મેશ્વર.

આ બાર જ્યોતિર્લિંગના નામ સ્મરણ કરવાથી સાત જન્મના પાપો નાશ પામે છે.

જીવ અને શિવનો યોગ સાધતી મહારાત્રી એટલે મહાશિવરાત્રિ આ રાત્રી સમસ્ત જગતના જીવના કલ્યાણની રાત્રી છે.

સમુદ્ર મંથન વખતે નીકળેલા ચૌદ રત્નો પૈકી મહાદેવજી પાસે બે છે. (૧) કાલકુટ નામનું ઝેર કંઠમાં રાખ્યું (૨) ચંદ્ર મસ્તકે ધારણ કર્યો. પોતે ભસ્માંગધારી, સ્મશાન-વિહારી, વાઘ અને હાથીની છાલ પહેરવાવાળા દિગંબર, સવારીમાં નંદી, શૃંગારમાં સાપ, મનુષ્યની ખોપરી, રુદ્રાક્ષની માળાઓ, મસ્તક પર જટા અને જટામાં ગંગા તેમજ ચંદ્ર, ભૈરવની કાંટવાળી, શિવજીના અર્ધાંગિની માતા પાર્વતિ. તેમનું વાહન સિંહ શિવના બે પુત્રો એક ગણપતિ. જેમનું મુખ હાથી જેવું. રિધ્ધિ-સિધ્ધિના સ્વામી, તેમનું વાહન મૂષક. મોટા પુત્ર કાર્તિકેય દેવ સેનાના અધિપતિ જેમને છ મુખ છે. અને મોરનું વાહન છે. આ પરિવારના વાહનોમાં નંદી, સિંહ, મૂષક, મોર, સર્પ બધા એકબીજાના વિરોધીઓ હોવા છતાં બધાને નાથવાની શક્તિ પાર્વતિ પાસે છે. શિવજીનું રહેઠાણ હિમાલય હિમાચ્છદિત પ્રદેશ છે.

### શિવ સ્વરૂપ દર્શન

શિવજી
પત્ની- પાર્વતી
પુત્રો - કાર્તિકેય અને ગણપતિ
પુત્રી - ઉષા
ધનુષ્ય - પિનાક, અજવક, અજગવ, આજગવ, ભવચાપ.
આયુધ- ત્રિશૂળ
વાહન- નંદી, શૃંગી
વાજિંત્ર - ડમરું, ડિમડિંમ
નૃત્ય- તાંડવ
પાર્ષદ - ભૈરવ
માળા- નાગ
શિરસ્ત્રાણ- બીજચંદ્ર અને ગંગાયુક્ત જટા
વસ્ત્ર- વ્યાઘ્ર ચર્મ
વર્ણ- ગૌર
નિવાસ- કૈલાસ, શિવલોક
કાર્ય- સૃષ્ટિ સંહાર
પ્રતીક કૃપ- લિંગ
પત્ર- બિલી
નામો- ૧૦૦૮
અષ્ટમૂર્તિના સ્વરૂપ- ઈશાન, ઉગ્ર, પશુપતિ, ભવ, ભીમ, મહાદેવ, રુદ્ર અને સર્વ.

શિવપુરાણ પ્રમાણે શિવર્લિંગની ઉત્પત્તિની તથા પ્રાપ્ત થાય છે.

એક વખતે બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે શ્રેષ્ઠતા અંગે વિવાદ થયો. આ વિવાદના સમાધાન માટે શિવજી અગ્નિ મહાર્લિંગ તરીકે સ્થાપિત થયા. તેનું મૂળ પાતાળથી પણ નીચે અને ઉપરનો છેડો સકળ બ્રહ્માંડથી પણ ઉપર રાખ્યો. આનો તાગ મેળવવો મુશ્કેલ હતો. એવું નક્કી થયું કે જે સૌ પ્રથમ શિવર્લિંગનો તાગ મેળવે તે શ્રેષ્ઠ.

શ્રી વિષ્ણુ ભગવાન નીચે ગયા પણ કયાંય તેનો તાગ ન મળ્યો. બ્રહ્માજી ઉપર ગયા ત્યાંથી પણ તાગ ન મળ્યો. પણ ખોટું બોલ્યા કે મને શિવલિંગનો છેડો દેખાયો. તે વખતે અગ્નિરૂપ સ્થંભ (લિંગ)માંથી મહાદેવજી પ્રગટ થયા અને બ્રહ્માજીનું પાંચમું મુખ જે અસત્ય બોલ્યું હતું તેનો વધ કર્યો.

આ પ્રસંગ એવું સૂચવે છે કે કોણ દેવ શ્રેષ્ઠ છે. તેના વાદ-વિવાદમાં પડ્યા વિના શિવજીનું સ્મરણ કરવું. બ્રહ્મા અને વિષ્ણુએ આ દિવસે પૂજન કરેલ. તેને યાદગાર બનાવવા આ દિવસને બધા દિવસોમાં મહાન શિવરાત્રી ગણાશે. તેમ શિવજીએ જણાવેલ. ભગવાન શિવ કહે છે ૐ નમઃ શિવાય । આ સર્વશ્રેષ્ઠ મંત્ર છે. જેના જપથી જીવ શિવ બની શકે છે. લિંગની પૂંજા શિવજીની પ્રાપ્તિ કરાવે છે.

પુષ્પદંત નામના ગંધર્વરાજે શિવ મહિમ્ન સ્રોત રચ્યું છે તે શિવજીનો મહાન ભક્ત હતો. તેને શિવજીએ સાક્ષાત દર્શન આપ્યા હતા. ૪૩ શ્લોકના શિવ મહિમ્ન સ્રોતના ૧૧ વખત પાઠ કરવામાં આવે તો અંક શિવરુદ્રિ. કર્યાનું ફળ મળે છે.

મહાશિવરાત્રીના દિવસે રાત્રે ભગવાન શંકરની પોડશોપચાર પૂંજા-અર્ચના થાય છે. શિવ મંદિરોમાં યત્રો, લઘુરુદ્ર, મહારુદ્ર, અતિરુદ્ર. જેવા અનુષ્ઠાનો થાય છે. ભવ્ય શોભા યાત્રાઓ નિકળે છે. કહેવાય છે કે મહાશિવરાત્રીની રાત્રે ભગવાન શીવ તાંડવ નૃત્ય કરે છે. પૌરાણિક કથાઓ અનુસાર ભગવાન શિવજીએ પાર્વતિજી સાથે લગ્ન કર્યા ત્યારે આ શિવરાત્રીનું પર્વ ઉજવાયું હતું.

ભારતભરમાં વિવિધ શિવ મંદિરોમાં ૩૦ લાખથી પણ વધુ પ્રતિકાત્મક સ્વરૂપે લિંગ સ્વરૂપો સ્થપાયેલા છે. ભગવાન શિવનું અર્ચન ભારત સિવાય અન્ય દેશોમાં- પ્રાચીન યુગમાં મધ્ય એશિયામાં શિવનું પૂજન અર્ચન થતું હતું.

તાજિકીસ્તાનમાં ભગવાન શિવની નટરાજ યોદ્રાના સ્વરૂપનું ભીંતચિત્ર મળી આવ્યું છે.

અફઘાનિસ્તાન અને સિયાંગમાં ગંગાધર શિવની વ્યાઘ્રચર્મ પહેરેલી, પથ્થર પર અંકિત પ્રતિમા છે. અહીં પણ નટરાજનું સ્વરૂપ મળ્યું છે. બ્રહ્મદેશમાં પદાંગ્રાશં શહેર પાસેથી મળી આવેલી શિવની ભૈરવ સમાન મૂર્તિ છે.

ચંપા (વિએટનામા)માંથી ૮મી સદીની શિવ મૂર્તિ મળી આવી છે. જેમાં ભગવાન સ્થિત મુદ્રામાં છે. ૧૦ મી સદીની પો.હાનની શિવ મૂર્તિ અષ્ટ ભૂંજાધારી છે.

ઈન્ડોનેશિયામાં ૧૩મી સદીની નટરાજની મૂર્તિ છે. છે કે સુમેરથી જાપાન સુધી શિવ તત્વ વિસ્તર્યું હતું. જે પૈકી હાલમાં ભારત, નેપાળ, ભૂતાન, શ્રીલંકા, બ્રહ્મદેશ, થાઈલેન્ડ, ડુબાડિયા, ચીન અને જાપાન સુધી એક યા બીજા સ્વરૂપે તેની આરાધના થઈ રહી છે.

ઉપરાંત મક્કામાં બે શિવલિંગ છે. સ્કોટલેન્ડ, ગ્લાસગોમાં સુવર્ણાચ્છાદિત શિવલિંગ છે. તુર્કસ્તાનમાં બાબલીનમાં સો ફૂટ ઊંચું શિવલિંગ છે. હેડ્રોપોલિસમાં ત્રણ સો ફૂટ ઊંચું શિવલિંગ છે. દક્ષિણ અમેરિકામાં બ્રાઝિલમાં અનેક શિવલિંગ છે. યુરોપમાં કોરિયામાં પાર્વતિજીનું મંદિર છે. મેકિસકોમાં અનેક શિવલિંગ છે. કંબોડિયામાં શિવલિંગ છે. જાવા-સુમાત્રામાં અનેક શિવલિંગ છે. ઈન્ડોચાયનામાં અનેક શિવલિંગો છે. ઈજિપ્તમાં શિવલિંગ છે. આયરલેન્ડમાં શિવલિંગ છે.

આવા શિવતત્વ અને તેની પરિકલ્પના આપનાર ભારતીય સંસ્કૃતિને કોટિ કોટિ પ્રણામ.